# ઉનાળુ મગમાં 3-4 પિયત 15થી 17 દિવસે આપતા વધુ ઉત્પાદન મળે છે

ભાસ્કર ન્યૂઝ | નવસારી

મગ એ તુવેર અને ચણા પછી ત્રીજુ અગત્યનો કઠોળ પાક છે. મગમાં 20 થી 24 ટકા જેટલુ પ્રોટીન રહેલુ છે. ગુજરાતમાં મગનું વાવેતર અંદાજીત 2.30 લાખ હેકટરમાં થાય છે. જેમાંથી 1.20 લાખ ટન ઉત્પાદન થાય છે તથા ઉત્પાદકતા પર 6 કિલો /હેકટર છે. જે અન્ય દેશોની સરખામણીએ ઓછી છે પરંતુ વધતી જતી વસ્તીને પહોંચી વળવા વિશ્વ આરોગ્ય સંસ્થાની ભલામણ અનુસાર દરેક વ્યક્તિને ઓછામાં ઓછુ 50 ગ્રામ કઠોળ પ્રતિદિન ખાવા મગનું ઉત્પાદન અને ઉત્પાદકતા વધારવાની ખૂબ જરૂરિયાત છે. જ્યાં પિયતની સગવડ છે ત્યાં ઉનાળામાં પણ આ પાક લેવાય છે. મગ ઉંડા મૂળ ધરાવતો અને કઠોળ વર્ગનો પાક હોવાથી તેના મૂળમાં રહેતા રાઈઝોબીયમ પ્રકારના બેકટેરીયાને પૂરતા પ્રમાણમાં હવા મળી રહે તે રીતે જમીન ઉંડી ખેડી, પાસ/મરબથી ઢેફા ભાંગી ભરભરી કરવી જરૂરી છે. જમીન તૈયાર કરી સારૂ કોહવાયેલુ છાણીયું/ ગળતિયું ખાતર 8 થી 10 ટન-હેકટર દીઠ નાંખવું જેથી જમીનની પ્રત અને જમીનની ભેજ સંગ્રહ શક્તિમાં વધારો અને જૈવિક પ્રક્રિયામાં સુધારો થાય. ઉનાળુ માગમાં 3 થી 4 પિયત 15 થી 17 દિવસે આપવામાં આવતા વધુ ઉત્પાદન મળે છે.મગના પાકમાં શરૂઆતમાં એક થી બે આંતર ખેડ અને હાથ વડે નિંદણ કરી પાકને નિંદણ મુક્ત રાખવો. જરૂરિયાત પ્રમાણે રાસાયણિક નિંદણ નાશક દવાનો ઉપયોગ કરી નિંદણ નિયંત્રણ કરવું જોઈએ.મગમાં ચુસીયા પ્રકારની જીવાતના નિયંત્રણ માટે લીમડા આધારીત દવા 1500 પીપીએમ, 50 મીલી અથવા ડાયમીથોએટ 30 ઈસી, 10 મીલી 10 લીટર પાણીમાં મિત્રણ કરી છંટકાવ કરવો જોઈએ.



**ડો.કે.એ.શાહ, સિનિયર સાયન્ટિસ અને હેડ, નવસારી કૃષિ યુનિવર્સિટી**

**આપ પણ કૃષિ કે કિસાન લક્ષી વિષયની જાણકારી ઇચ્છતા હોવ તો આ વોટ્સએપ નંબર 9099046217 પર મેસેજ કરો**

દિવ્યભાસ્કર - ન. ડાંગ પાના નં - 08
તા 22-03-2025 શનિવાર

# કાચી કેરીમાંથી આમપન્ના અને પાણીયા અથાણાં બનાવવાનું શીખાવાડાયું

## વાંસદાના કેળકચ્છ ગામે મહિલાઓને તાલીમ અપાઇ

ભાસ્કર ન્યૂઝ | નવસારી

નવસારી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા વાંસદા તાલુકાના કેળકચ્છ ગામે બહેનોને કાચી તેમજ પાકી કેરીનાં મૂલ્યવર્ધનની તાલીમ આપવામાં આવી હતી. તાલીમમાં કેન્દ્રના બાગાયત વૈજ્ઞાનિક ડો.દિક્ષીતા પ્રજાપતિએ વિવિધ ફળપાકોમાંથી તેમજ કેરીની વિવિધ મૂલ્યવર્ધિત વિવિધ બનાવટો બનાવી તેનાં વેચાણથી આવક કેવી રીતે મેળવી તે વિશે વિસ્તૃત માહિતી આપી હતી. કેન્દ્રનાં ગૃહ વૈજ્ઞાનિક નિતલ એન.પટેલે કાચી કેરીમાંથી આમપન્ના અને પાણીચા અથાણાં બનાવટ




બનાવવાની પધ્ધતિનું પ્રાયોગિક નિદર્શન બતાવી તે અંગે વિસ્તૃત તાંત્રિક માર્ગદર્શન આપ્યું હતું. આ તાલીમમાં ઉનાઈ-ચરવી અને કેળકચ્છ ગામની ખેડૂત મહિલાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ માર્ગદર્શન મેળવ્યું હતું.

દિવ્યભાસ્કર - ન.ડાંગ પાના. નં. ૦૨

તા. ૨૩/૦૩/૨૦૨૫ રવિવાર